## પ્રેમ પ્રકરણમાં પરિણીત યુવકે ફાંસો ખાધો

સુરતઃ સચિન જીઆઇડીસીમાં પરિણીત યુવકે પ્રેમ પ્રકરણમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની અખંડ બ્રિજેશ મિશ્રા (28 વર્ષ) હાલ સચિન જીઆઇડીસીમાં આવેલી સાઈનગર સોસાયટીમાં રહેતો હતો અને છૂટક મજૂરી કામ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. તેને અન્ય એક મહિલા સાથે પ્રેમ સંબંધ હતો. સોમવારે સવારે તેણે ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેણે પ્રેમ પ્રકરણમાં અંતિમ પગલું ભર્યું હોવાનું તપાસમાં જણાયું હતું.

## ડો. ભટ્ટનું સસ્પેન્શન રદ કરી સચિન મુકાયા

સુરત : સુરત મનપાના નાયબ આરોગ્ય અધિકારી ડો. અજીત પ્રવિણચંદ્ર ભટ્ટનું સસ્પેન્શન રદ કરી તેમને ઉધના ઝોન-બીમાં નાયબ આરોગ્ય અધિકારી તરીકે ફરી નિમણૂક આપવામાં આવી છે. સાથે જ સેન્ટ્રલ ઝોનમાં ખાલી પડેલી જગ્યા પર ડો. અમિત પટેલને ચાર્જ સોંપવામાં આવ્યો છે. ગત ફેબ્રુઆરીમાં ભાગળ વિસ્તાર ખાતે ખાસ સફાઈ કામગીરી આયોજન કરવામાં આવી હતી. જેમાં સેન્ટ્રલ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો. અજીત ભટ્ટ અને તેમની ટીમ સમયસર હાજર રહ્યા નહોતા. જેના કારણે બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ડો. ભટ્ટે આગળ સંતોષકારક કામગીરી કરવાની લેખિત બાહેધરી આપતા સસ્પેન્શન સામાન્યસભાની મંજૂરીની અપેક્ષાએ રદ કરવામાં આવ્યું છે.

## કતારગામમાં પ્રેમિકા સાથે અણબનાવ થતાં યુવકે ઝેર પીધું

સુરતઃ કતારગામમાં પ્રેમિકા સાથે અણબનાવ થતાં યુવકે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વતની સાગર સુરેશભાઈ જીકાદરા (22 વર્ષ) હાલ કતારગામ વિસ્તારમાં આવેલ હરિદ્વાર સોસાયટીમાં રહેતો હતો અને ત્રણ વર્ષથી ગણપતિની મૂર્તિ બનાવવાનું કામ કરતો હતો. કાલે રાત્રે તેણે ઘરે ઝેર પી લેતા સારવાર માટે સ્મીમેરમાં ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન સાગરનું મોત નિપજ્યું હતું. તે છેલ્લા ચારેક વર્ષથી એક યુવતી સાથે પ્રેમ સંબંધમાં હતો. બંને વચ્ચે અણબનાવ બનતા અંતિમ પગલું ભરી લીધું હોવાનું પરિવારે જણાવ્યું હતું. આ અંગે વધુ તપાસ કતારગામ પોલીસ કરી રહી છે.

## તમાકુ વિરોધી ઝુંબેશ: 135 ઇસમ પાસેથી રૂ.27,000નો દંડ વસૂલાયો

સુરતઃ મનપા આરોગ્ય અધિકારી અને ટોબેકો કંટ્રોલ સેલના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ ઝોનમાં વિશેષ ચેકિંગ ડ્રાઇવ ચલાવવામાં આવી હતી. તા.17 માર્ચ-2026ના રોજ થયેલી કાર્યવાહીમાં રાંદેર ઝોનમાં 16 ઇસમ પાસેથી 3200, સેન્ટ્રલ ઝોનમાં 19 પાસેથી 3800, કતારગામ ઝોનમાં 17 પાસેથી 3400 વસૂલાયા હતા. તેમજ વરાછા-એ અને વરાછા-બી ઝોનમાં 14-14 ઇસમ પાસેથી 2800-2800, ઉધના-એમાં 16 પાસેથી 3200 અને ઉધના-બીમાં 10 પાસેથી 2000 દંડ લેવામાં આવ્યો હતો. અઠવા ઝોનમાં 14 પાસેથી 2800, લિંબાયત ઝોનમાં 15 પાસેથી 3000 વસૂલાયા હતા. શહેરભરમાં કુલ 135 ઇસમ પાસેથી 27,000નો દંડ વસૂલાયો હતો.

# ડુમસ સી-ફેસમાં ઉભી થતી અવ્યવસ્થા અટકાવવા આયોજનો કરવામાં આવશે

**પોલીસ** અને મનપા વચ્ચે સંકલન કરીને વીક એન્ડમાં અમુક રસ્તા વન-વે, અમુક બંધ રાખવા વિચારણા



સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ. 166 કરોડના તોતિંગ ખર્ચે સાકારિત ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટના પ્રથમ તબક્કાનું લોકાર્પણ થતાંની સાથે જ સુરતીઓ જાણે આ જગ્યા માટે ઘેલા થયા હોય તેમ ઉમટી પડ્યા છે. ઉદ્ઘાટન બાદના પ્રથમ વીકેન્ડમાં જ અહીં અંદાજે દોઢ લાખથી વધુ મુલાકાતીઓનો ધસારો જોવા મળતા સમગ્ર વિસ્તાર ‘ઓવર ક્રાઉડ’ થઈ ગયો હતો. આડેધડ પાર્કિંગ, કીડીયારાની જેમ ઉભરાતા લોકો અને કલાકો સુધી ચાલેલા ટ્રાફિક જામના દ્રશ્યોએ તંત્રની વ્યવસ્થાના ધજાગરા ઉડાડી દીધા હતા. પ્રવાસીઓની ભારે ભીડ અને અવ્યવસ્થાને કારણે સ્થાનિકો તેમજ મુલાકાતીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી, જેના પરિણામે ઊંઘતું ઝડપાયેલું મનપા અને પોલીસ તંત્ર આખરે સફાળું જાગ્યું છે.

ભવિષ્યમાં વીકેન્ડ દરમિયાન આવી વિકટ પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે મનપા અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સ્થળ મુલાકાત કરી તાબડતોબ બેઠક યોજી હતી. ટ્રાફિકના ભારણને હળવું કરવા માટે પોલીસ તંત્ર દ્વારા ડુમસ સી-ફેસ તરફ જતા રસ્તાઓને વીકેન્ડમાં ‘વન-વે’ કરવા અથવા કેટલાક માર્ગો સંપૂર્ણપણે બંધ રાખવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સાથે સાથે પાર્કિંગની સમસ્યાના કાયમી ઉકેલ માટે મનપાના અનામત પ્લોટ અને સરકારી પડતર જમીનો શોધવાની કવાયત પણ તેજ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં મનપા અને પોલીસનું આ સંયુક્ત આયોજન કેટલું કારગત નીવડે છે તે જોવું રહ્યું!

## નવી સિવિલના નર્સિંગના તબીબોની સિગ્નેચર દિવસની ઉજવણી



નવી સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટુન્ડટો દ્વારા સિગ્નેચર ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા એકબીજાના કપડાંઓ પર પોતાના હસ્તાક્ષર કરી દિવસને યાદગાર બનાવાયો હતો. **(તસવીરઃ સતીષ જાદવ)**

## ચેક રિટર્નના સાત કેસમાં આરોપી નિર્દોષ

સુરતઃ નિશાંત ટ્રેડર્સના નામથી ઝાંસી (યુ.પી) મુકામે કાપડનો ધંધો કરતા સુરેશકુમાર બદ્રીપ્રસાદ ગુપ્તા સામે ચેક રિટર્નની નોંધાયેલી સાત ફરિયાદમાં કોર્ટે આરોપીને નિદોર્ષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત એવી હતી કે નિશાંત ટ્રેડર્સના નામથી સુરેશકુમાર બદ્રીપ્રસાદ ગુપ્તા ઝાંસી (યુ.પી) મુકામે કાપડનો ધંધો કરતો હતો. અગાઉના જુના માલીક આશિષકુમાર શ્યામલાલ અગ્રવાલ યુ.પીથી સુરત ખાતે આવી જતાં તેઓએ ઝાંસી (યુ.પી) મુકામની સાગર સિલેકશન નામની પેઢીનો વહીવટ આરોપી સુરેશકુમાર બદ્રીપ્રસાદ ગુપ્તાને સોપી દીધો હતો. આરોપીએ નવો ધંધો શરૂ કરવા માટે પોતાના ભૂતપૂર્વ શેઠ આશિષકુમાર પાસેથી રૂ. 68 લાખની રકમ મેળવી હતી. ચુકવણી પેટે નિશાંત ટ્રેડર્સના નામના ચેકો આપ્યાં હતાં. જે ચેકો પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅરના શેરા સાથે રીટર્ન આવતા ફરીયાદીએ ચેક રિટર્નના કુલ સાત કેસ આરોપી સામે કર્યા હતા. આરોપી તરફે વકીલ વિરલ મહેતાએ દલીલો કરી હતી.

# પ્રેમસંબંધ તોડી નાંખતા યુવકે પરિણીતાને મરવા મજબૂર કરી

**વરાછાની** પટેલનગર સોસાયટીમાં ચોથામાળે પરિણીતાએ ગળેફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું હતું

**આરોપીએ** વોટ્સએપ પર મેસેજ કર્યો કે મરવાનું તો તારે છે જ, આજે મરે કે કાલે

સુરતઃ અશ્વિનીકુમાર રોડની પટેલ નગર સોસાયટીમાં વતનના પ્રેમીએ પરિણીતાને પ્રેમસંબંધ ચાલુ રાખવા દબાણ કરી, ગાળાગાળી કરી તેના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપતા પરિણીતાએ પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી.

મૂળ યુપીના હમીરપુર જિલ્લાના અને હાલ અશ્વિનીકુમાર રોડ પર આવેલી પટેલ નગર સોસાયટીમાં રહેતા નરેન્દ્રમોહન જગદીશ કુશ્વાહ (ઉ.વ. ૨૫) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેના લગ્ન મે-૨૦૨૨માં આકાંક્ષા સાથે થયા બાદ જાણ થઈ હતી કે આકાંક્ષાને તેના જ ગામના રાહુલ જીવનલાલ પરીહાર (રહે. ટીહર ગામ,જી. હમીરપુર, યુ પી)સાથે પ્રેમસંબંધ હતો. જોકે, સમજાવટ બાદ આકાંક્ષાએ રાહુલ સાથે સંબંધ તોડી નાખ્યો હતો. જાન્યુઆરી-૨૦૨૬માં આકાંક્ષા પાસેથી એક મોબાઈલ મળી આવતા તેણે પતિને જણાવ્યું હતું કે રાહુલે તેને જબરદસ્તી વાત કરવા માટે આ ફોન આપ્યો છે. આકાંક્ષાએ ત્યારે ફોન અને સિમકાર્ડ તોડી નાખ્યા હતા. ગત ૧૪મી માર્ચના રોજ જ્યારે નરેન્દ્ર કામ પર હતો, ત્યારે પત્નીએ ઘરમાં ફાંસો ખાઈ લીધો હતો. આકાંક્ષાના ફોનમાંથી ચોંકાવનારી વિગતો મળી આવી હતી. મૃતકના વોટ્સએપ ચેટ તપાસતા જાણવા મળ્યું હતું કે રાહુલ પરીહાર તેને સતત ધમકાવી રહ્યો હતો. રાહુલે ઈન્સ્ટાગ્રામ પર ફોટા વાયરલ કરવાની ધમકી આપતા જ્યારે આકાંક્ષાએ કહ્યું કે ‘હું મરી જઈશ’, ત્યારે રાહુલે અત્યંત નિષ્ઠુરતાથી જવાબ આપ્યો હતો કે, ‘મરવાનું તો તારે છે જ, આજે મરે કે કાલે’. એટલું જ નહીં, તેણે મેસેજમાં એવી પણ બડાશ મારી હતી કે તે ૨૦-૧૦ (રૂપિયા) આપીને છૂટી જશે.

અશ્વિનીકુમાર પોલીસે આરોપી રાહુલ પરીહાર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રહેણાક વચ્ચે જોખમી ફેક્ટરી-ગોડાઉન

**ઉગત**-જહાંગીરાબાદમાં સોસા. વચ્ચે 25 ફૂટ ઊંચી કમ્પાઉન્ડ વોલ બનાવીને ઔદ્યોગિક પ્રવૃત્તિ



સુરતઃ વરાછા ઝોન બાદ હવે રાંદેર ઝોનમાં પણ રહેણાંક વિસ્તારોમાં ગેરકાયદે કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ એક્ટિવિટીઝ વધતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ઊભો થયો છે. ઉગત-જહાંગીરાબાદ વિસ્તારમાં પંચવટી સોસાયટી અને વારીગૃહ પાછળના વિસ્તારમાં રહેતા સ્થાનિકોના જણાવ્યા મુજબ પંચવટી સોસાયટી પાછળ આવેલી ચક્રધર સોસાયટીમાં કબજા રસીદવાળી જમીન પર આવી પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ફરિયાદ છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ વિસ્તારમાં નજીક જ માધવ સરસ્વતી સ્કૂલ આવેલી છે. કોઈ શોર્ટ સર્કિટ અથવા આગ જેવી ઘટના બને તો બાળકો સહિત અનેક લોકોના જીવ જોખમમાં મુકાઈ શકે છે. બે સોસાયટી વચ્ચે આશરે 25 ફૂટ ઊંચી કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવી છે, જ્યારે વારીગૃહ સામેની દિવાલ માત્ર 7 ફૂટની છે, જે સુરક્ષા મુદ્દે અસમાનતા દર્શાવે છે.

# કેમેરો મૂકીને ચેક કર્યું ત્યારે ખબર પડી રોજ દૂધ ચોરાય છે

**કાપોદ્રામાં** કેટલાક દિવસથી રોજ 5થી 10 બોટલની ઘટ આવતી હતી

**રોજ** સગીર બોટલ ઉઠાવી જતો કેમેરામાં કેદ થયો

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં એક ડેરી બહારથી સતત દૂધની બોટલો ચોરાતી હોવાની ઘટના સામે આવી છે, જેમાં એક સગીર સીસીટીવી કેમેરામાં કેદ થતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.

કાપોદ્રા વિસ્તારમાં આવેલી એક ડેરી પર છેલ્લા ઘણા સમયથી ચોરીની ઘટના બનતી હતી. દુકાન બહાર વહેલી સવારે સપ્લાય થતું દૂધ વારંવાર ઓછું થતું હતું, જેના કારણે ડેરી સંચાલક મૂંઝવણમાં મુકાયા હતા. શરૂઆતમાં સામાન્ય ભૂલ માનવામાં આવેલી આ ઘટના પછીથી રોજબરોજ બનતી જતા સંચાલકે ગંભીરતાથી ધ્યાન આપ્યું હતું. માહિતી મુજબ, દરરોજ વહેલી સવારે દૂધ કંપની દ્વારા ડેરી બહાર કેરેટમાં દૂધની બોટલો મૂકી જવામાં આવતી હતી. જોકે, દુકાન ખૂલતી વખતે બોટલોની સંખ્યા ઓછી જોવા મળતી હતી. આ સ્થિતિ સતત ચાલુ રહેતા દુકાનદારને શંકા ગઈ અને આખરે ચોરને પકડવા માટે સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. લગાવવામાં આવેલા કેમેરાના ફૂટેજ ચકાસતા ચોંકાવનારી હકીકત સામે આવી હતી. ફૂટેજમાં એક અજાણ્યો સગીર વહેલી સવારે અંધારાનો લાભ લઈને ડેરી નજીક આવતો દેખાય છે. તે આજુબાજુ નિહાળી ખાતરી કરે છે કે કોઈ જોઈ રહ્યું નથી, ત્યારબાદ શાંતિપૂર્વક દૂધના કેરેટમાંથી બોટલો કાઢીને સ્થળ પરથી ભાગી જાય છે. દુકાનદારના જણાવ્યા અનુસાર, આ સગીર દરરોજ અંદાજે 5 થી 10 જેટલી બોટલો ચોરી જતો હતો. ડેરી સંચાલક દ્વારા કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસ સીસીટીવી ફૂટેજના આધારે સગીરની ઓળખ કરી તેને ઝડપી પાડવા માટે પ્રયાસ શરૂ કરશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.






# કાલથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થશે

**સુરતમાં** માતાજીના મંદિરોમાં રહેશે ભક્તિમય માહોલ, નવમાં દિવસે ૨૭ માર્ચે રામનવમીની ભવ્ય ઉજવણી થશે



સુરતઃ હિન્દુ ધર્મમાં શક્તિ ઉપાસનાનો મહાપર્વ ગણાતો ચૈત્ર નવરાત્રિ આ વર્ષે ૧૯ માર્ચ ૨૦૨૬, ગુરુવારથી શરૂ થશે અને નવ દિવસ સુધી ચાલીને ૨૭ માર્ચે રામનવમી સાથે પૂર્ણ થશે.

નવરાત્રિના પ્રથમ દિવસે કલશ સ્થાપના અને માતાજીની આરાધનાથી ઉત્સવનો પ્રારંભ થાય છે. ચૈત્ર નવરાત્રિને ધ્યાનમાં રાખીને ભકતોને માતાજીનાં દર્શન માટે ઉનાળાની ગરમીમાં તકલીફ ન પડે તે માટે છાપરા સાથેનાં મંડપો અને જમીન પર જાજમ બિછાવી દેવામાં આવી છે. કોટ વિસ્તારમાં શ્રી અંબાજી માતા મંદિર, અઠવાલાઈન્સ અંબિકાનિકેતન મંદિર, અડાજણ આશાપુરા માતા મંદિર, વરાછા ઉમિયા ધામ રોશનીથી ઝળહળી ઉઠશે અને તમામ મંદિરોમાં ચૈત્ર નવરાત્રિની ભવ્ય ઉજવણી થશે. જે ચૈત્ર મહિનામાં ચૈત્ર સુદ એકમથી ચૈત્ર સુદ નવમી સુધી આવે છે. આ તહેવાર દરમિયાન, દેવી દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે ત્યારે માઈ ભક્તો ઉપવાસ અને દેવી દુર્ગાની પ્રાર્થના કરે છે અને દેવી શક્તિના જૂના જાણીતા મંદિરોમાં ભક્તો વહેલી સવારથી મોડી રાત્રીએ હજારોની સંખ્યામાં ઉમટી પડતા હોય છે. ચૈત્ર નવરાત્રિ વસંત ઋતુમાં આવતો ધાર્મિક પર્વ છે, જેને ‘વસંત નવરાત્રિ’ પણ કહેવામાં આવે છે. પૌરાણિક શ્રી અંબાજી માતા મંદિરનાં ગાદીપતિ યુવા મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળાએ જણાવ્યું હતું કે આ દિવસોમાં શક્તિ ઉપાસનાથી જીવનમાં નવી ઉર્જા, સકારાત્મકતા, આધ્યાત્મિક વિકાસ પ્રાપ્ત થાય છે

### માતાજીનાં પૂજાતાં સ્વરૂપો

» તા. ૧૯,ગુરુવાર - માઁ શૈલપુત્રીઃ નવરાત્રીના પ્રથમ દિવસે પૂજાય છે. તેઓ પર્વત રાજ હિમાલયની પુત્રી છે અને નંદી પર સવાર થાય છે. તેમના એક હાથમાં ત્રિશૂળ અને બીજામાં કમળ છે. » તા. ૨૦,શુક્રવાર- માઁ બ્રહ્મચારિણીઃ તેઓ તપસ્વી અને બ્રહ્મચારી છે. તેમના હાથમાં જપમાળા અને કમંડળ છે. તેઓ તપ અને જ્ઞાનનું પ્રતિક છે. » તા. ૨૧, શનિવાર- માઁ ચંદ્રઘંટાઃ તેમના માથા પર ચંદ્રનો ઘંટ છે. તેઓ શાંતિ અને સૌંદર્યનું પ્રતિનિધિત્વ કરે છે. » તા. ૨૨,રવિવાર)- માઁ કુષ્માંડાઃ તેઓ સૃષ્ટિની ઉત્પત્તિના કારણ માનવામાં આવે છે. તેમના હાસ્યથી બ્રહ્માંડ પ્રકાશિત થાય છે. » તા. ૨૩ સોમવાર- માઁ સ્કંદમાતાઃ તેઓ ભગવાન સ્કંદ (કાર્તિકેય)ની માતા છે. તેમના ચાર હાથ છે અને તેઓ કમળ પર બિરાજમાન છે. » તા.૨૪ સોમવાર-માઁ કાત્યાયનીઃ તેઓ મહિષાસુર મર્દિની છે અને બહાદુરીનું પ્રતિક છે. » તા.૨૫ બુધવાર- માઁ કાલરાત્રિઃ તેઓ અંધકાર અને નકારાત્મક શક્તિઓનો નાશ કરે છે. » તા.૨૬ ગુરુવાર-માઁ મહાગૌરીઃ તેઓ શ્વેત વસ્ત્ર ધારણ કરે છે અને શાંતિનું પ્રતિનિધિત્વ કરે છે. » તા. ૨૭ શુક્રવાર- માઁ સિદ્ધિદાત્રીઃ નવમા દિવસે માઁ સિદ્ધિદાત્રીની પૂજા થાય છે. તેઓ સિદ્ધિઓ આપનાર છે અને ભક્તોને અંતિમ સિદ્ધિ પ્રદાન કરે છે.